GJVD020320922023

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૧/૦૯/૨૦૨૩ | | |
| નોંધ્યા તારીખ | ૧૧/૦૯/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | ૨૦/૦૭/૨૦૨૪ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

---

**મે. ૨૨ માં એડી. સિની. સિવીલ જજ અને એડી. ચીફ જયુ.મેજી.સાહેબની કોર્ટમાં, વડોદરા**

---

**ફો.પ.અ.નં.૫૧૧૫/૨૦૨૩**
**આંક–**

**<u>અરજદાર :</u> –** (૧) મેઘા તે રજીથ રાજન કુનેરીકુન્નુમલની પત્નિ
તે રાઘવન રામન ચોરનની દિકરી
હાલ રહે. બ્લોક નં.૧૦/૩૯૬, દત્તકૃપા
ગુ.હા.બોર્ડ, ગોરવા, વડોદરા (પિતાના મકાનમાં)
મુળ રહે. વૈગા શોમેશ્વરી મંદિર પાસે, પુઝાથી,
ચિરકકલ, પુથિપાથેરૂ, કન્નુર, કેરળ

**<u>વિરૂધ્ધ</u>**

**<u>સામાવાળા :</u>** (૧) રજીથ રાજન કુનેરીકુન્નુમલ (પતિ)
(૨) શીલા રાજન કુનેરી કુન્નુમલ (સાસુ)
બંન્ને રહે. લક્ષ્મી નિવાસ, ન્યુ કોર્ટ રોડ,
પેરામ્બ્રા, કોઝીંકોડ, કેરાલા
(૩) શિંજુ રાજેશ તે રાજન કુનેરી કુન્નુમલની દિકરી (નણંદ)
રહે. વાલિયા ચથોથ, પોસ્ટ : કુથલી, પેરાંબ્રા, કોઝીકોડ, કેરાલા

**<u>અરજ :</u> –** ઘરેલું હિંસા અધિનિયમ મુજબ સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો ૨૦૦૫ ની કલમ:૧૮, ૧૯, ૨૦ તથા ૨૨ મુજબ રક્ષણ આપવા હુકમ મેળવવા બાબત અરજ.

---

અરજદાર તર્ફે વિ.વ.શ્રી : પી. એમ. ઠકકર
સામાવાળા તર્ફે વિ.વ.શ્રી : –

---

[ A.H.Dave]
A.C.J.M, Vadodara

## ***:: J U D G M E N T ::***

(૧) અરજદારે પારિવારીક ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ ૧૨ હેઠળ આ કામના સામાવાળા વિરૂધ્ધ હાલની અરજી કરેલ છે, તેમાં અરજદારે આ કાયદાની કલમ ૧૮ અન્વયે રક્ષણનો હુકમ કરવા તથા કલમ ૧૯ હેઠળ રહેઠાણનો હુકમ કરવા તથા કલમ ૨૦ હેઠળ ભરણપોષણનો હુકમ કરવા તથા કલમ ૨૨ હેઠળ વળતરની રકમ અપાવવા અંગેના હુકમની માંગણી કરેલ છે.

(૨) આ કામે રક્ષણ અધિકારીશ્રીએ ઘરેલું હિંસા અંગેના પોતાના અહેવાલમાં સામાવાળાએ અરજદારની સાથે જાતીય હિંસા, શાબ્દિક અને ભાવનાત્મક કનડગત, દહેજ સબંધે સતામણી તેમજ આર્થિક હિંસા આચરેલ હોવાની હકીકતો જણાવેલ છે.

(૩) અરજદારની અરજીની હકીકત મુજબ આ કામના સામાવાળા નં. ૧ અરજદારના પતિ થાય છે.

(૪) અરજદારની હાલની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર વડોદરા મુકામે તેઓના માતા-પિતા સાથે રહે છે અને ઓશીયાળું જીવન ગુજારે છે. અરજદારના સામાવાળા નં.૧ પતિ થાય છે, સામાવાળા નં.૨, ૩ નાઓ સાસુ તથા નણંદ થાય છે.

(૪.૧) અરજદાર નં.૧ ના લગ્ન સામાવાળા નં.૧ સાથે તા.૦૮/૧૧/૨૦૧૫ ના રોજ હિન્દુ શાસ્ત્રોકત વિધી તથા તેમના જ્ઞાતીના રીત રીવાજ મુજબ કેરળ ખાતે થયેલા, ત્યારબાદ અરજદાર નં.૧ તેમના માતા-પિતાએ આપેલ ૩૭ તોલાના સોનાના દાગીના તથા લગ્નમાં મળેલ વિવિધ પ્રકારનસ ભેટ સોગાદો લઈ સામાવાળા નં.૧ સાથે સંયુકત કુંટુંબમાં રહેવા માટે ગયેલાં.

(૪.૨) નવેમ્બર ૨૦૨૦ માં અરજદારના પતિએ અરજદાર સાથે ઝગડો કરી ગાળો બોલી "તું મને ગમતી નથી મારા લગ્ન જબરદસ્તી કરાવ્યા છે " તેમ કહી તથા અરજદારના ચારિત્ર્ય બાબતે શંકા કરી મહેણાં ટોણાં મારી તથા આ બાળકી મારી નથી તેમ કહી માનસીક ત્રાસ આપ્યો હતો જેથી અરજદારને પોતાના પિતાના ઘરે આશ્રય લેવો પડેલ છે. અરજદારના પિતા આ પહેલા પણ અવાર નવાર અરજદાર સાથે ઝગડો

કરી ગાળો બોલી તથા અરજદારના ચારીત્ર્ય બાબતે શંકા કરી મેણાં ટોણાં મારી માનસીક ત્રાસ આપતા હતા તથા અવાર નવાર દારૂ પીને ઘરમાં આવી અરજદાર સાથે બોલાચાલી કરી માનસીક ત્રાસ આપતા હતાં. અરજદારના પતિએ સુહાગરાતે અરજદારને "તું મને ગમતી નથી તું મોટી છે મને સારી લાગતી નથી મને તારામાં કોઇ રસ નથી" તેમ કહી માનસીક ત્રાસ આપતા હતાં. અરજદારના પતિ અવાર નવાર અરજદારને "તારા ઘરવાળાએ જબરજસ્તીથી મારી જોડે લગ્ન કરાવ્યા છે" તેમ કહી ગાળો બોલી અરજદારના ચારીત્ર્ય બાબતે શંકા કરી મેણાં ટોણાં મારી તથા ઘરના કામકાજ બાબતે બોલાચાલી કરી મેણાં ટોણાં મારી ગાળો બોલી માનસીક ત્રાસ આપતાં હતાં. અરજદારના પતિ ઓગસ્ટ ૨૦૨૨ માં અરજદારના પિતાના ઘરે વડોદરા મુકામે આવેલ અને આશરે દોઢ માસ જેટલો સમય સાથે રહ્યા હતાં, ત્યારે અરજદારના ચારીત્ર્ય બાબતે શંકા કરી મેણાં ટોણાં મારી તથા બોલાચાલી કરી ગાળો બોલી માનસીક ત્રાસ આપતાં હતાં. તા.૦૪/૦૯/૨૦૨૨ ના રોજ અરજદારના પતિએ અરજદાર સાથે ઝગડો કરી ગાળો બોલી માનસીક ત્રાસ આપ્યો હતો. તા.૦૯/૦૯/૨૦૨૨ ના રોજ અરજદારના પતિ અરજદારને છોડીને જતા રહેલ હતા. નવેમ્બર ૨૦૨૨ માં અરજદારની બહેનના લગ્ન હોય અરજદાર તથા તેમના માતા પિતા પરીવાર સાથે પોતાના વતનમાં ગયા હતા ત્યારે અરજદારના પતિએ અરજદારના પિતાના ઘરે આવી અરજદાર સાથે ઝગડો કરી બોલાચાલી કરી માનસીક ત્રાસ આપેલોહ તો તથા દારૂ પીને ગાળો બોલી ત્રાસ આપેલો હતો. સામાવાળા નં.૨ અરજદારના સાસુ થાય છે તેઓ અવાર નવાર અરજદારને ઘરના કામકાજ બાબતે બોલાચાલી કરી મેણાં ટોણાં મારી ગાળો બોલી માનસીક ત્રાસ આપતા હતા તથા "તું જતી રહે મારા છોકરાને તારા કરતાં સારી મળતી હતી" તેમ કહી મેણાં ટોણાં મારી માનસીક ત્રાસ આપતાં હતાં અરજદારના જણાવ્યા મુજબ અરજદારના પતિ અરજદારને મારવા માટેની ધમકી આપી માનસીક ત્રાસ આપતાં હતાં.

(૪.૩) અરજદારે આ કામના સામાવાળા નં.૧ દ્બારા અતિશય દારૂ પીને ગમે તેમ ગાળો બોલી અને સામાવાળા નં.૨ અને ૩ દ્બારા શારીરીક અને માનસીક ત્રાસ આપવા અંગેની ફરીયાદ તા.૦૭/૧૨/૨૦૨૨ ના રોજ પેરામબ્રા પો.સ્ટે.માં તેમના ઈમેલ megharajith2015@gmail.com થી shoprmbrapsdl.pol@kerala.gov.in પર આપેલી. સામાવાળા નં.૧ નાએ લગ્ન કરતાં પહેલાં જણાવ્યા મુજબ સામાવાળા ડિપ્લોમાનો અભ્યાસ કરેલ છે અને હાલ તેમનો પોતાનો ફોટો સ્ટુડીયો છે અને તેમને બે મજલાની બિલ્ડીંગ છે જેમાં ૫ રૂમ છે જે ભાડેથી આપેલ છે અને ૧.૫

એકર જેટલી જમીન છે તેમાં નાળીયેર ઉછેરે છે અને તેનાથી સારી એવી ઉપજ મેળવે છે અને તેઓ સારા એવા પ્રતિષ્ઠીત અને ધનીક, પૈસાદાર વ્યકિત છે. આમ સામાવાળાઓએ અરજદારોનો કોઇ પણ જાતના વ્યાજબી કારણ વગર ત્યાગ કરેલો હોય અરજદારે તેઓની અરજીમાં જણાવ્યા મુજબની સામાવાળાઓ વિરૂધ્ધ દાદ માંગેલી છે.

(૫) સદર કામે અરજદારની અરજીની હકીકતો તથા રજુ ઘરેલું હિંસાના બનાવનો અહેવાલ વંચાણે લઈ સામાવાળાઓને નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલો. આ કામના સામાવાળાઓને ધોરણસર રીતે વારંવાર નોટીસની બજવણી થવા છતાં આ કામના સામાવાળાઓ અદાલત સમક્ષ પોતે જાતે વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા નથી કે કોઈ મુદ્દત રીપોર્ટ કે જવાબ હાજર રાખેલ ન હોય તા.૨૦/૦૩/૨૦૨૦ ના રોજ અરજદારની આંક-૦૮ ની અરજી લગત હુકમ કરી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૬) આ કામે અરજદાર તરફે આંક-૦૩ થી લીસ્ટ ઓફ ડોકયુમેન્ટ, આંક-૧૫ થી અરજદાર મેઘા તે રજીથ રાજન કુનેરીકુન્નુમલની પત્નિ તે રાઘવન રામન ચોરનની દિકરીનું પુરાવાનું સોગંદનામું તથા આંક-૧૮ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૭) ત્યારબાદ અરજદારના વિ.વ.શ્રીએ અરજીની હકીકતોના સમર્થનમાં વિસ્તૃતમાં મૌખિક દલીલો કરી કોર્ટને ન્યાયિક સમજે તેવો હુકમ કરવા રજુઆત કરેલ છે. સામાવાળા તરફે કોઈ હાજર રહેલ ન હોય. જેથી સામાવાળા તરફે કોઈ પુરાવો કે દલીલ રજુ કરવામાં આવેલ ન હોય અરજદારની આંક-૧૭ થી રજુ અરજી લગત હુકમ કરી સામાવાળાઓનો અરજદારની ઉલટતપાસનો હકક તા.૨૫/૦૬/૨૦૨૪ ના રોજ તથા દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૮) આ કેસના આખરી ન્યાયિક નિકાલ સારૂં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>: : મુદ્દા : :</u>**

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, તેણી પારિવારીક ઘરેલું હિંસાનો ભોગ બનેલ છે?

(૨) શું અરજદાર સાબિત કરે છે કે, તેણી ઘરેલું હિંસાથી સ્ત્રી રક્ષણ અધિનિયમ અંગેના કાયદાની કલમ ૧૮, ૧૯, ૨૦ અને ૨૨ નીચેના હુકમો મેળવવા હકદાર

છે ?

(૩) શું હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણય આ પ્રમાણે છે.

(૧) મુદ્દા નં. ૧ : હકારમાં

(૨) મુદ્દા નં. ૨ : અંશતઃ હકારમાં

(૩) મુદ્દા નં. ૩ : આખરી હુકમ

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયના કારણો આ પ્રમાણે છે.

**:: કારણો ::**

**મુદ્દા નં. ૧ :-**

આ કામે ઉપરોક્ત મુદ્દા નં. ૧ સંદર્ભે રેકર્ડ ઉપરની હકીકતો તથા પુરાવો જોવામાં આવે તો આંક-૧૫ થી અરજદાર મેઘા તે રજીથ રાજન કુનેરીકુન્નુમલની પત્નિ તે રાઘવન રામન ચોરનની દિકરીનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે, જેમાં તેણીએ પોતાની અરજીની હકીકતોને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે.

આ કામે સામાવાળા જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ નથી અને એ રીતે અરજદારે સરતપાસના સોગંદનામા ઉપર જાહેર કરેલ હકીકતો અખંડિત અને બિન તકરારી રહેલ છે.

આ કામે રક્ષણ અધિકારીશ્રીના અહેવાલથી તથા અરજદારના પુરાવાથી એ હકીકતને સમર્થન મળે છે કે, અરજદાર અને સામાવાળા એક સાથે એક ઘરમાં રહેલા છે અને એ રીતે તેમની વચ્ચે પારિવારીક સબંધો હતા. વધુમાં, અરજદારના મૌખિક પુરાવાથી એ હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે કે, સામાવાળાએ અરજદારની સાથે શારીરિક અને માનસિક અને ભાવનાત્મક કનડગત કરેલ છે તેમજ જાતીય હિંસા અને આર્થિક હિંસા આચરેલ છે. આ સબંધે અરજદારે રજુ કરેલ પુરાવાનું ખંડન થયેલ ન હોય આ કામના સામાવાળા તરફથી આચરવામાં આવેલ પારિવારીક હિંસાનો અરજદાર ભોગ બનેલ હોવાની હકીકત પુરવાર થાય છે તેથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. અરજદારનું સોગંદનામું તેમજ અરજી વંચાણે લેતાં અરજદારનો મુળ આરોપી સામાવાળા નં. ૧ વિરૂધ્ધ છે. ઘરેલું હિંસાનો રીપોર્ટ પણ અરજીની હકિકતોને સમર્થન કરે છે.

(૧૧) **મુદ્દા નં. ૨ અને ૩ :–**

સામાવાળા અને અરજદારની વચ્ચે પતિ–પત્નીના સબંધો છે એ હકીકત બિન–તકરારી અને અખંડિત છે. અરજદારના પુરાવા મુજબ સામાવાળાએ અરજદારનો ત્યાગ કરેલ છે અને ત્યારથી અરજદાર પોતાના માતા–પિતાને ત્યાં ઓશીયાળું જીવન વિતાવે છે. અરજદારે તેઓની અરજી તથા પુરાવાના સોગંદનામામાં જણાવેલી હકીકતો ઉપરથી તેણીના પતિએ કાઢી મુકેલ હોય, વૈકલ્પિક રહેઠાણની જરૂરીયાત છે અને રહેણાંકના મકાનની સામાવાળાએ કોઇ સગવડ કરી આપેલ નથી. આ સંજોગોમાં આ કેસની હકીકતો ધ્યાને લેતા અરજદારની તરફેણમાં કલમ ૧૯ હેઠળ રહેઠાણ અંગેનો હુકમ અન્યથા ભાડાની રકમનો હુકમ પસાર કરવાનું યોગ્ય અને ઉચિત જણાય છે.

(૧૨) અરજદારનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા અરજદારની સ્ત્રીધનની કંઈ વસ્તુઓ સામાવાળા ના કબ્જામાં છે તે અંગે કોઈ જ પુરાવો રજુ કરેલ નથી. સ્ત્રીધન અંગે લીસ્ટ કે અરજદારની સરતપાસમાં કોઈ હકીકતો જણાવેલ નથી. જેથી સ્ત્રીધન લગત કોઈ હુકમ કરવો ઉચીત જણાતુ નથી.

(૧૩) આમ, ઉપરોક્ત આપેલ તારણ મુજબ અરજદાર સામાવાળા દ્વારા આચરવામાં આવેલ પારિવારીક હિંસાનો ભોગ બનેલ હોવાનું અને અરજદાર સામાવાળાના કાયદેસરના પત્ની તરીકે પારિવારીક સંબંધોથી રહેલા હોવાની હકીકત પુરવાર થાય છે. સામાવાળાએ અરજદારનો ત્યાગ કર્યા બાદ તેઓના ભરણપોષણની કોઇ જ વ્યવસ્થા કરેલ નથી કે તેઓને તેડી જવાનો કોઇ પ્રયત્ન કરેલ હોય તેવું જણાતું નથી. અરજદારના કહેવા મુજબ સામાવાળાઓ તથા તેમનું કુંટુંબ આર્થિક રીતે સધ્ધર છે, સામાવાળા નં.૧ નાએ લગ્ન કરતાં પહેલાં જણાવ્યા મુજબ સામાવાળા ડિપ્લોમાનો અભ્યાસ કરેલ છે અને હાલ તેમનો પોતાનો ફોટો સ્ટુડીયો છે અને તેમને બે મજલાની બિલ્ડીંગ છે જેમાં ૫ રૂમ છે જે ભાડેથી આપેલ છે અને ૧.૫ એકર જેટલી જમીન છે તેમાં નાળીયેર ઉછેરે છે અને તેનાથી સારી એવી ઉપજ મેળવે છે અને તેઓ સારા એવા પ્રતિષ્ઠીત અને ધનીક, પૈસાદાર વ્યકિત છે, પરંતુ અરજદારે આ બાબતે ફકત મૌખિક પુરાવાથી જણાવેલ છે કે કોઇ લેખિત પુરાવો કે આધાર રજુ કરેલ નથી. જેથી સામાવાળા ખરેખર આટલી આવક ધરાવે છે તે માની ઉપરોકત આવકના આધારે ભરણપોષણનો હુકમ કરવો યોગ્ય જણાતું નથી અને તેથી એબલ બોડીના સિધ્ધાંતના

આધારે અરજદાર પોતાનું ભરણપોષણ કરી શકે તે હેતુસર હુકમ કરવો યોગ્ય જણાય છે.

(૧૪) ભરણપોષણની રકમ નકકી કરતી વખતે સામાવાળાની આવક તેના આર્થિક અને કૌટુંબિક સંજોગો અને સામાવાળાની પોતાની જરૂરીયાતો, અરજદારોની પોતાની સામાન્ય જીવન ગુજારવા માટેની જરૂરીયાતો, પ્રવર્તમાન મોંઘવારીના દરો વિગેરે તમામ પરિબળોને લક્ષમાં લેવા જરૂરી બને છે. અરજદારે પોતાની સોગંદ પરની જુબાનીમાં પોતાના તથા તેમના બાળકના ભરણપોષણ તથા દવા દારૂ પેટે માસિક રૂા.૪૦,૦૦૦/– ની માંગણી કરેલ છે, તે માંગણી કેસની હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં વધારે પડતી હોવાનું જણાય છે. અરજદારે પોતાની માંગણીના સમર્થનમાં તેઓની માંગણીને ગ્રાહય રાખી શકાય તેવી કોઇ સ્પષ્ટ હકીકતો જણાવેલ નથી. તેમ છતાં સામાવાળાની આવક અને અરજદારની ઓછામાં ઓછી જરૂરીયાતો, સામાવાળાના કૌટુંબિક સંબંધો વિગેરે તમામ પરિબળોને ધ્યાને લેતાં સામાવાળા અરજદારને રૂા.૭,૦૦૦/– તથા તેમની દિકરી વૈંગાના રૂા.૩,૦૦૦/– એમ કુલ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર ) પુરા ભરણપોષણ પેટે દર માસે અરજદારને ચૂકવી આપે તેવો હુકમ કરવો ન્યાયી અને યોગ્ય જણાય છે.

(૧૫) અરજદારે હાલની અરજી પારિવારીક હિંસા સ્ત્રી રક્ષણ અધિનિયમની કલમ ૨૨ નીચે વળતરના હુકમની માંગણી કરેલ છે, પરંતુ આ બાબતે રેકર્ડ ઉપરનો પુરાવો જોઇએ તો સામાવાળાઓએ પારિવારીક હિંસા આચરેલ હોવાની હકીકત પુરવાર થતી હોય તેના માટે અરજદારને આ કામના સામાવાળા નં.૧ નાઓ પાસેથી રૂા.૬૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા સાઠ લાખ) પુરા વળતર અપાવવું ઉચિત અને યોગ્ય જણાય છે. આમ, ઉપરોક્ત ચર્ચા અને તારણો મુજબ મુદ્દા નં. ૨ નો જવાબ અંશતઃ હકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં. ૩ સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) અરજદારની અરજી અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળાઓને આથી આદેશ કરવામાં આવે છે કે, કૌટુંબિક હિંસાથી સ્ત્રી રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ ૧૮ હેઠળ અરજદારને કોઇ શારીરિક કે માનસિક ત્રાસ આપવો નહિ તથા જરૂર પડે સંબંધીત પો.સ્ટે.ના પી.આઇ.શ્રીએ અરજદારને રક્ષણ પુરૂં પાડવું. તેમજ સામાવાળાઓને વધુમાં

આદેશ કરવામાં આવે છે કે, સામાવાળાઓ પોતાની માલીકીની અસ્કયામતો કે મિલકતો બીજાના નામે ટ્રાન્સફર કરે કરાવે નહી.

(૩) આથી પારિવારીક હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનયમ ૨૦૦૫ ની કલમ ૨૦ અન્વયે આ કામના સામાવાળા નં. ૧ ને એવો આદેશ ફરમાવવામાં આવે છે કે, તેમણે આ હુકમની તારીખથી દર મહિને અરજદારને રૂા.૭,૦૦૦/- તથા તેમની દિકરી વૈગાના રૂા.૩,૦૦૦/- એમ કુલ રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર ) પુરા અરજદારને દર માસે નિયમિત ચઢ્યે ચઢ્યા ચૂકવી આપવા. અન્ય કોઈ નામદાર કોર્ટે ભરણપોષણનો હુકમ કરેલ હોય તો સદર રકમ તેમાં મજરે ગણવાની રહેશે.

(૪) સામાવાળા નં.૧ નાએ અરજદારને ૩૦ દિવસમાં રહેવા સારૂં મકાનની વ્યવસ્થા કરી આપવી. વિકલ્પે હુકમની તારીખથી અરજદાર નં.૧ ને મકાન ભાડા પેટે પ્રતિ માસ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર) પુરા ચૂકવવા હુકમ કરવામાં આવે છે.

(૫) વધુમાં, પારિવારીક હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનયમ ૨૦૦૫ ની કલમ ૨૨ અન્વયે આ કામના સામાવાળા નં.૧ ને એવો આદેશ કરવામાં આવે છે કે, તેમના ઘરેલું હિંસાના કૃત્યથી અરજદારને પહોંચાડેલ ભાવનાત્મક અને માનસિક આધાત અને ત્રાસના વળતર પેટે રૂા.૫૦,૦૦૦/- (અંકે રૂપીયા પચાસ હજાર) પુરા, હુકમની તારીખથી એક મહિનામાં અરજદારને ચૂકવી આપવા.

(૬) આ હુકમની એક નકલ પક્ષકારોને, લાગતાં વગળતાં પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીશ્રીને તેમજ લાગતી વળગતી તમામ સર્વિસ પ્રોવાઇડરને વિના મૂલ્યે પૂરી પાડવી.

આ હુકમ આજરોજ તા.૨૦ માહે જુલાઈ સને ૨૦૨૪ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૦/૦૭/૨૦૨૪
સ્થળ : વડોદરા.

**(આશિષકુમાર હસમુખલાલ દવે )**
૨૨ માં એડી. ચિફ જયુડી.મેજીસ્ટ્રેટ, વડોદરા.
**UID CODE 01230**

વી.બી.ભટ્ટ ગુજ.સ્ટેનો.

[ A.H.Dave]
A.C.J.M, Vadodara